ન્યાયની અદાલતો દ્વારા ફોજદારી કેસોના
ચુકાદાની નકલો મોકલવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ક્રમાંકઃ–પરચ/૨૯૨૦૦૬/રાકમં–૨૫/ડ
સચિવાલય, ગાંધીનગર.
તા. 28 MAR 2007

સંદર્ભઃ–(૧)ગૃહ વિભાગનો તા. ૩.૬.૨૦૦૩નો પરિપત્ર ક્રમાંકઃ–પીડીઈ/૧૦૨૦૦૧/૯૦૨/ગ
(૨)કાયદા વિભાગનો તા. ૧.૮.૨૦૦૩નો પરિપત્ર ક્રમાંકઃ–પરચ/૧૦૨૦૦૩/યુ.ઓ.૪૧૦/હ
(૩)કાયદા વિભાગનો તા. ૨૬.૭.૨૦૦૫નો પરિપત્ર ક્રમાંકઃ–પીઆરસી/૧૦૨૦૦૫/૨૧૦૯/હ

**પરિપત્રઃ–**

રાજયના જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલ ગુનાઓ પૈકી કોર્ટમાં સાબિત થયેલા અને નાસાબિત થયેલા કેસોમાં આખરી ચુકાદા બાદ સત્વરે પોલીસ સ્ટેશન કક્ષાએથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી સુધીની રીપોર્ટીંગ વ્યવસ્થા ગોઠવવા સારુ સરકારશ્રીમાં થયેલ સૂચન સંબંધે સંદર્ભ (૧), (૨) અને (૩) હેઠળ બહાર પાડવામાં આવેલ સૂચનાઓ ઉપરાંત સાબિત / નાસાબિત કેસોમાંના આખરી ચુકાદા બાદ દરેક સ્તરે રીપોર્ટીંગ થાય તે સારુ નીચે મુજબની સંકલિત સૂચનાઓ બહાર પાડવામાં આવે છેઃ–

(૧) ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૭૫, ભાગ–૩ના નિયમ–૨૭૧ (૧)(૨)(૩)(૪) અને નિયમ ૨૭૨ (૩) અને (૫) ની જોગવાઈઓ મુજબ ફોજદારી કેસોમાં ઈન્સાફની કાર્યવાહી બાદ નામદાર અદાલત તરફથી જે ચુકાદો જાહેર કરવામાં આવે તે ચુકાદાની નકલ સંબંધિત સરકારી વકીલે મેળવીને જે તે જિલ્લા મેજીસ્ટ્રેટને મોકલવાની રહે છે. અને તે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા સંબંધિત પોલીસ કમિશ્નર / પોલીસ અધિક્ષકશ્રીને મોકલવાની રહે છે.

(૨) રાજ્ય સરકારના કાયદા વિભાગ દ્વારા રાજયના કાયદા અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપવા માટે જે નિયમો નક્કી કરાયેલા છે તેના નિયમ–૧૩૦ (૧)માં આ મુજબ જણાવેલ છે.

130(1) Government Pleader to obtain and forward copies of judgment and decree ÷ The Government Pleader shall then obtain with as little delay as possible three copies, one certified and two uncertified of the Court's judgment and its decree. One of the uncertified copies shall be forwarded immediately to the Collector or other officer concerned and the other to the Legal Remembrance direct. The certified copy should be sent to the Collector as soon as received from the Court.

(૩) રાજ્ય સરકારના ગૃહ વિભાગના તથા કાયદા વિભાગે સંદર્ભ હેઠળના બહાર પાડેલ પરિપત્રોની જોગવાઈઓ તેમજ સી.આર.પી.સી.ની જોગવાઈઓ ધ્યાને લેતાં નામદાર અદાલતે જાહેર કરેલ કેસના ચુકાદાની નકલ તથા ન્યાયની અદાલત દ્વારા ફોજદારી કેસોમાં આરોપીઓને છોડી મુકતા ચુકાદા આવે ત્યારે તેની નકલ જિલ્લા કલેકટરશ્રી દ્વારા સંબંધિત પોલીસ કમિશ્નર / પોલીસ અધિક્ષકશ્રી ઉપરાંત પોલીસ મહાનિદેશકશ્રીને મોકલી આપવાની રહે છે.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા મળેલ ફોજદારી કેસોમાં કે જેમાં આરોપીઓને છોડી મૂકતા ચુકાદા મળેલ હોય તેવા કેસોમાં ઉપલી કોર્ટમાં અપીલ કરવા પાત્ર કેસ છે કે કેમ તે બાબતે સંબંધિત પોલીસ કમિશ્નરશ્રી / પોલીસ અધિક્ષકશ્રીએ સ્પષ્ટ અભિપ્રાય સહિતની દરખાસ્ત પોલીસ મહાનિદેશકશ્રીના અભિપ્રાય સહિત ગૃહ વિભાગ મારફતે કાયદા વિભાગને નિયત સમયમર્યાદામાં કરવાની રહેશે.

આથી તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને પરિપત્રમાંની ઉપર્યુકત સૂચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે જોવા અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.જે.બ્રહ્મક્ષત્રિય)
ઉપસચિવ
ગૃહ વિભાગ

પ્રતિ
તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ,

નકલ રવાના:-

૧. માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
૨. માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન ગાંધીનગર, આપની કચેરીના સંબંધિત અધિકારીઓને આ સૂચનાઓ પરિપત્રિત કરવાની વિનંતી સહ.
૫. ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાશ્રીઓ.
૬. તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ / ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ / નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ
૭. તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ / પોલીસ અધિક્ષકશ્રીઓ / સેનાપતિશ્રી, રાજય અનામત પોલીસ દળ
૮. સીલેકટ ફાઈલ-૨૦૦૭

(એન.જે.મકવાણા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ